ખાનગી યુનિવર્સિટીઓમાં ચાલતા નોન-એફ.આર.સી. અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ ચુકવણી બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૨૧/૩૦/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સિંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ દરખાસ્ત ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૧૦૧૧૫૮/ગ

આમુખ:

ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપની યોજના અમલમાં છે. જે અન્વયે ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. રાજ્યની ખાનગી યુનિવર્સિટીઓમાં ફી રેગ્યુલેટીંગ કમિટી(એફ.આર.સી.) દ્વારા ફી નિયત કરવામાં આવતી ન હોય તેવા નોન-એફ.આર.સી. અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપની ચૂકવણી કરવા અંગે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સિંગલ ફાઇલ સિસ્ટમથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપની ચૂકવણી અંગે આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

"ખાનગી યુનિવર્સિટીમાં ચાલતા નોન-એફ.આર.સી. અભ્યાસક્રમોમાં જ્યાં સુધી એફ.આર.સી. નવેસરથી ટ્યુશન ફી નિયત ના કરે ત્યાં સુધી શિક્ષણ વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ ના ઠરાવ ક્રમાંક:એન.જી.સી./૧૧૦૩/૨૧૧૨/ખથી નિયત થયેલ ટ્યુશન ફી ધ્યાને લઈને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપની ચૂકવણી કરવાની રહેશે."

સદરહું ઠરાવ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની સિંગલ ફાઇલ ક્રમાંક:અજાક/૧૦૨૦૨૧/૧૦૧૧૫૮/ગ પર નાણા વિભાગની તા.૨૮/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)

ઉપ સચિવ

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી/નાયબસચિવશ્રી/ઉપસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.